# પાઠ - ૧૫ તમારાં પાળકો

**યાદ રાખો :** *" મારા મનગમતાં પાળકો હું તમને આપીશ, ને તેઓ જ્ઞાન તથા બુધ્ધિથી તમારું પાલન કરશે." (યર્મિયા ૩ : ૧૫)*

**પ્રસ્તાવના :** *તમારામાંના મોટાભાગના હમણાં તમારું જીવન ઈસુખ્રિસ્તમાં શરૂ કરી રહ્યાં છો. તે નવો માર્ગ છે. અને ઘણાં પ્રશ્નાર્થ ચિહ્નનો સાથે અજાણ્યો છે. માટે, કોઈ એક જે આ માર્ગે ઘણાં વર્ષોથી ચાલ્યું છે. તેને અનુસરવું એ અદ્ભુત બાબત છે. ધાર્મિક પાળકનો માર્ગદર્શક અને મદદરૂપ હાથ તમારી ઈશ્વર સાથેની ચાલમાં અમૂલ્ય છે. પાઉલે કહ્યું, "જેમ હું ખ્રિસ્તને અનુસરનારો છું, તેમ તમે મને અનુસરનારા થાઓ." (૧ કરિંથી ૧૧ : ૧)*

*આ પ્રકરણમાં આપણે આપણાં પાળકો આપણાં આત્મિક જીવનોમાં જે અત્યાવશ્યક ભાગ ભજવે છે તે તપાસીશું.*

## પાળક અને મંડળી પ્રત્યેની તેમની જવાબદારીઓ

*૧ પિત્તર ૫ : ૪ માં પિત્તર આપણને કહે છે કે ઈસુ મુખ્ય ઘેટાપાળક છે. તેમ છતાં વચનો આપણને શીખવે છે કે ઈશ્વરે આપણે માટે "પાળકો" તથા "મદદનીશ પાળકો" જેઓ સ્થાનિક સભાઓના આગેવાનો તરીકે સીધા ખ્રિસ્તને જવાબદાર છે. તેઓની નિમણૂંક કરી છે. જૂના કરારમાં મદદનીશ પાળકનું ઉદાહરણ દાઉદ છે. "તેણે તેના લોકોનો પાળક બનવા દાઉદને પસંદ કર્યો... અને દાઉદે પોતાના હૃદયની નિર્દોષતાથી તેઓનું પાલન કર્યુ અને પોતાના હાથના ચાતુર્યથી તેઓને ચલાવ્યા." (ગીતશાસ્ત્ર ૭૮ : ૭૦-૭૨)*

(૧) *ગીતશાસ્ત્ર ૧૦૦ : ૩ માં ગીતકર્તા ઈશ્વરના બાળકોનો નિર્દેશ આ રીતે કરે છે.*

*".... આપણે તેના લોક તથા તેના ચારાનાં ....................... છીએ."*

(૨) *૧ તિમોથી ૩ : ૧ - ૩ પ્રમાણે એકે મંડળીમાં અધ્યક્ષનો હોદ્દો મેળવવા જે લાયકાતો ધરાવવી જ જોઈએ તે દર્શાવો.*

| | | | |
|---|---|---|---|
| (અ) | .............................. | (બ) | .............................. |
| (ક) | .............................. | (ડ) | .............................. |
| (ઈ) | .............................. | (ફ) | .............................. |
| (ગ) | .............................. | (હ) | .............................. |
| (આઈ) | .............................. | (જે) | .............................. |
| (કે) | .............................. | (એલ) | .............................. |
| (એમ) | .............................. | (એન) | .............................. |
| (ઓ) | .............................. | (પી) | .............................. |

(૩) પાળકની જવાબદારીઓ તેના ઘેટાંની જરૂરિયાતો સંતોષવાની છે. જેનો ઉપસંહાર એક કલમ યશાયા ૪૦ : ૧૧ માં જોવા મળે છે.

"ભરવાડની પેઠે તે પોતાના ટોળાનું .............................. કરશે ને તે બચ્ચાને પોતાના હાથેથી .............................. કરીને તેમને પોતાની ગોદમાં .............................. લેશે. તે ધવડાવનારીઓને સંભાળીને .............................."

**(અ) તે જુએ છે કે ઘેટાનું પાલન થાય છે.**

"તમે પોતાના સંબંધી તથા જે ટોળા ઉપર પવિત્ર આત્માએ તમને અધ્યક્ષો નીમ્યા છે તે સર્વ સંબંધી સાવધાન રહો, જેથી દેવની મંડળીનું તમે .............................. કરો." (પ્રે.કૃ. ૨૦ : ૨૮)

"દેવનું જે ટોળુ તમારામાં છે તેનું .............................. કરો. અધ્યક્ષનું કામ ફરજ પડ્યાથી નહિ, પણ ખુશીથી કરો, નીચ લોભને સારું નહિ, પણ હોંશથી કરો..." (૧ પિત્તર ૫ : ૨)

"તેઓનું .............................. કરે એવા પાળકોને હું તેમના પર ઠરાવીશ તેઓ ફરી .............................. નહિ .............................. નહિ ને .............................. પડશે નહિ, એમ યહોવા કહે છે." (યર્મિયા ૨૩ : ૪)

**(બ) તે ઘેટાનું રક્ષણ કરશે (સત્યની વિકૃત રજૂઆતથી)**

"હે મનુષ્યપુત્ર, મેં તને ઈસ્રાએલ કોમ પર ચોકીદાર ઠરાવ્યો છે, તેથી મારા મુખના વચન સાંભળીને મારા તરફથી તેમને .............................. આપ." (હઝકિયેલ ૩ : ૧૭)

હું દેવની સમક્ષ તને આગ્રહપૂર્વક કહું છું... સુવાર્તા પ્રગટ કર, અનુકુળ તથા પ્રતિકુળ પ્રસંગે તત્પર રહે, સંપૂર્ણ સહનશીલતાથી ઉપદેશ કરીને .............................. આપ .............................. તથા .............................. આપ. કેમકે એવો વખત આવશે કે જે વખતે તેઓ શુધ્ધ ઉપદેશને સહન કરશે નહિ.... અને તેઓ સત્ય તરફ આડા કાન કરશે... (૨ તિમોથી ૪ : ૧-૪)

"હે યરૂશાલેમ, મેં તારા કોટ ઉપર .............................. મૂક્યા છે, તેઓ આખો દિવસ તથા આખી રાત .............................. શાંત રહેશે નહિ.." (યશાયા ૬૨ : ૬)

**(ક) તે તેના અનુભવ અને નમૂના વડે દોરશે અને માર્ગદર્શન આપશે.**

"મારા મનગમતાં પાળકો હું તમને આપીશ ને તેઓ .............................. તથા .............................. થી તમારું પાલન કરશે. " (યર્મિયા ૩ : ૧૫)

"વળી તમને સોંપેલા ટોળાં પર ધણી, તરીકે નહિ પણ તમે તે ટોળાંને .............................. થાઓ." (૧ પિત્તર ૫ : ૩)

(ડ) **તે સંતોને સેવાના કાર્ય માટે સુસજ્જ કરશે...**

*"...... સંતોની ............................... કરવને અર્થે ............................... ના કામને સારુ ખ્રિસ્તના શરીરની ............................... કરવાને સારું ઈશ્વરે પાળકો આપ્યા છે." (એફેસી ૪ : ૧૧-૧૨)*

## આપણી પાળક પ્રત્યેની જવાબદારી

*પાઉલ પ્રેરિત આપણને આપણાં આત્મિક આગેવાનોને માન અને સન્માન આપવાની સલાહ આપે છે.*

*વાંચો ૧ થેસ્સાલોનિકી ૫ : ૧૨-૧૩ અને ૧ તિમોથી ૫ : ૧૭ અને ખાલી જગ્યા પૂરો.*

*"અને ભાઈઓ, અમે તમને વિનંતી કરીએ છીએ કે જેઓ તમારામાં ............................... કરે છે અને પ્રભુમાં તમારા ............................... છે અન ેતમને ............................... કરે છે તેઓની ............................... કરો અને તેઓના કામને લીધે ............................... તેઓને અતિઘણું માન આપો. તમે માંહોમાંહે શાંતિમાં રહો."*

*"જે વડીલો સારી રીતે ............................... ચલાવે છે અને વિશેષે કરીને જેઓ ............................... કરવામાં તથા ............................... આપવામાં લે છે, તેઓને બમણા માનપાત્ર ગણવા."*

(૨) *ત્રણ માર્ગો જણાવો જેમાં આપણે આપણા પાળકોને સહાય કરી શકીએ.*

(અ) ............................... *(રોમન ૧૫ : ૩૧-૩૨)*

(બ) ............................... *અને* ............................... *(હિબ્રૂ ૧૩ : ૧૭)*

(ક) ............................... *(૧ કરિંથી ૯ : ૧૧, ૧૩-૧૪)*

## સારાંશ

*એ ખૂબ અગત્યનું છે કે આપણે ઈશ્વરના માણસ જે આપણાં પાળક તરીકે પસંદ કરાયા છે. તેમની સાથે કામ કરીએ માન આપીએ અને અનુસરીએ. આપણે આપણી જીભોની ચોકી કરવી જોઈએ અને ટીકા નહિ કરવા તથા વાંક નહિ શોધવા સાવચેત રહેવું જોઈએ. પાળક ઈશ્વરને જવાબદાર છે અને તેમને ઠપકો આપવો એ આપણી જવાબદારી નથી. તેનાથી ઊલટું, આપણે હંમેશા આપણી પ્રાર્થનામાં તેમને સહાય કરવાની અને દેવના રાજ્યની ઉન્નતિને માટે સાથે મળીને શ્રમ કરવાની જરૂર છે.*

## ઉત્તરો

## પાળક અને તેમની મંડળી પ્રત્યેની જવાબદારીઓ

(૧) *મેંઢાં*

(૨) (અ) નિર્દોષ

(બ) એક સ્ત્રીનો વર

(ક) પરહેજગાર

(ડ) શુધ્ધ હૃદય ધરાવનાર

(ઈ) સુવ્યવસ્થિત

(ફ) આતિથ્ય કરનાર

(ગ) શીખવી શકે એવો

(હ) મદ્યપાન કરનાર નહિ

(આઈ) મારનાર નહિ

(જે) સહનશીલ

(કે) કજિયા કરનાર નહિ

(એલ) દ્રવ્યલોભી નહિ

(એમ) પોતાના ઘરનાને સારી રીતે ચલાવનાર

(એન) પાતાના છોકરાંને પૂર્ણ ગાંભીર્યથી આધીન રાખનાર

(ઓ) નવો શિખાઉ નહિ

(પી) બહારના માણસોમાં સારી શાખ ધરાવનાર

(૩) પાલન એકઠાં, ઊંચકી, ચલાવશે

(અ) પાલન, પ્રતિપાલન

પાવન, બીશે, ગભરાશે, ભૂલા

(બ) ચેતવણી

ઠપકો, ધમકાવ, ઉત્તેજન, ચોકીદારો, કદી

(ક) જ્ઞાન, બુધ્ધિ, આદર્શરૂપ

(ડ) સંપૂર્ણતા, સેવા, ઉન્નતિ

**આપણી પાળક પ્રત્યેની જવાબદારી**

(૧) મહેનત, આગેવાન, બોધ, કદર, પ્રેમપૂર્વક, અધિકર, ઉપદેશ, શિક્ષણ, શ્રમ

(૨) (અ) પ્રાર્થના

(બ) આજ્ઞા પાળવી, આધીન રહેવું.

(ક) નાણાંકીય